# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ સાથે ફોન પર ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસની પુડુચેરીની સત્તાવાર મુલાકાતે - અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે.

3) સમગ્ર દેશમાં આજથી હર ઘર તિરંગા અભિયાનનો આરંભ - 17મી ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન.

4) જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરના વરસાદને કારણે આજથી અમરનાથ યાત્રા સ્થગિત કરાઇ.

5) ભારતના સાત્વિક રોય અને સાયંતન કુશારીએ વિશ્વ યુવા ટ્રાન્સનેશનલ બ્રિજ ચેમ્પિયનશિપમાં અંડર-31 પેયર્સ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI - US VP VANCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ સાથેફોન પર વાત કરી હતી. બંને નેતાઓએ ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મકભાગીદારીને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી. તેમણે વેપાર, સંરક્ષણ,મહત્વપૂર્ણ અને નવી ટેકનોલોજી, ઊર્જા સુરક્ષા અને મહત્વપૂર્ણ ખનિજોમાં સહયોગ વધારવાનીતેમની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી હતી. તેમણે પરસ્પર હિતના પ્રાદેશિક અનેવૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. શ્રી મોદીએઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ અને દ્વિતીય મહિલા ઉષા વાન્સને તેમના પુત્રના જન્મ પરઅભિનંદન પણ આપ્યા હતા.

# AMIT SHAH PUDUCHERRY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસની પુડુચેરીની સત્તાવાર મુલાકાતે છે. ગઈકાલે રાત્રે કેન્દ્રશાસિત પ્રદેશમાં પહોંચેલા શ્રી શાહનું લોક નિવાસ ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી શાહ ગોરીમેડુમાં પોલીસ તાલીમ શાળાના મેદાનમાં પુડુચેરી પોલીસને રાષ્ટ્રપતિ પોલીસ ધ્વજ પ્રદાન સમારોહમાં ભાગ લઈ રહ્યા છે. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.

# HAR GHAR TIRANGA

હર ઘર તિરંગા અભિયાનનો આજથી સમગ્ર દેશમાં આરંભ થઈ રહ્યો છે જે આ મહિનાની 17મી તારીખ સુધી ચાલુ રહેશે. આ અભિયાનનો હેતુ લોકોને તેમના ઘરે ત્રિરંગો ફરકાવવા સહિત દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતા સંબંધિત કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

(બાઇટ – તેરા તિરંગા)

આ અભિયાન 2022 માં શરૂ થયું હતું અને હવે તે એક વિશાળ જનભાગીદારી અભિયાનમાં પરિવર્તિત થયું છે. આ વર્ષે આ અભિયાનનું વિશેષ મહત્વ છે કારણ કે તે રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ની 150મી વર્ષગાંઠ સાથે સુસંગત છે. વંદે માતરમનું સામૂહિક ગાન પણ દેશભરમાં થશે. 14 ઓગસ્ટના રોજ વિભાજન ભયાનક સ્મૃતિ દિવસ મનાવવામાં આવશે. વિશ્વભરમાં 200 થી વધુ ભારતીય દૂતાવાસો, ઉચ્ચ કમિશન અને કોન્સ્યુલેટ પણ આ અભિયાનના ભાગ રૂપે કાર્યક્રમોનું આયોજન કરશે. આ વર્ષે "સૂર્ય પથ તિરંગા" ડિજિટલ રિલે પણ યોજાશે, જેમાં 54 ભારતીય રાજદ્વારી મિશન અને પોસ્ટ ભાગ લેશે. આ રિલે 15 ઓગસ્ટના રોજ ફિજીમાં શરૂ થશે અને સાન ફ્રાન્સિસ્કોમાં સમાપ્ત થશે.

# AMARNATH YATRA

જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરના વરસાદને કારણે પહેલગામ અને બાલતાલ બંને રૂટ પર આજથી અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને યાત્રાને અસ્થાયી રૂપે રોકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગઈકાલે જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પથી કોઈ નવી યાત્રાનો જથ્થો રવાના થયો નથી.

દરમિયાન બાલતાલ બેઝ કેમ્પમાં રોકાયેલા એક હજાર 202 યાત્રાળુઓનો 28મો જથ્થો 44 વાહનોના કાફલામાં જમ્મુ જવા રવાના થયો હતો. આ વર્ષે અત્યાર સુધીમાં અમરનાથ યાત્રામાં ભાગ લેનારા યાત્રાળુઓની સંખ્યા ચાર લાખને પાર થઈ ગઈ છે.

57 દિવસની અમરનાથ યાત્રા ત્રીજી જુલાઈના રોજ પહેલગામના પરંપરાગત ચંદનવારી રૂટ અને ગાંદરબલના બાલતાલ રૂટથી એક સાથે શરૂ થઈ હતી. આ યાત્રા 28 ઓગસ્ટના રોજ પરંપરાગત ચઢ્ડી મુબારક સમારોહ સાથે સમાપ્ત થશે.

# KIRTI VARDHAN - COTE DE IVOIRE

વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે ગઈકાલે આબિદજાનમાં કોટે ડી'આઈવોરના રાષ્ટ્રપતિ અલાસાને ઔટારા સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ ભારત અને કોટે ડી'આઈવોર વચ્ચે વધતી ભાગીદારી અંગે ચર્ચા કરી હતી. શ્રી સિંહે આફ્રિકા સાથે મજબૂત અને વ્યાપક સંબંધોને આગળ વધારવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝન પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિંહે કહ્યું હતું કે તેઓ ભારત અને કોટે ડી'આઈવોર વચ્ચે લાંબા સમયથી ચાલતી મિત્રતાને વધુ મજબૂત બનાવવા અને વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વિસ્તૃત કરવા આતુર છે.

# HIGH COURT JUDGES

કેન્દ્ર સરકારે મદ્રાસ, કલકત્તા, મધ્યપ્રદેશ અને કર્ણાટક હાઇકોર્ટ માટે 30 ન્યાયાધીશોની નિમણૂકની સૂચના આપી છે, જેમાં મદ્રાસ હાઇકોર્ટને નવી નિમણૂકોનો સૌથી મોટો હિસ્સો મળ્યો છે. કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા મુજબ, નિમણૂકોમાં 20 વકીલો અને 10 ન્યાયિક અધિકારીઓનો સમાવેશ થાય છે. કુલ ન્યાયાધીશોમાંથી, 15 ન્યાયાધીશોને મદ્રાસ હાઇકોર્ટમાં, આઠને કલકત્તા હાઇકોર્ટમાં, છને કર્ણાટક હાઇકોર્ટમાં અને એકને મધ્યપ્રદેશ હાઇકોર્ટમાં નિમણૂક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટ કોલેજિયમ સાથે પરામર્શ કરીને આ નિમણૂકો કરવામાં આવી હતી.

# IMD-WEATHER

હવામાન વિભાગે ઉત્તરાખંડ અને છત્તીસગઢમાં આજે ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. વિભાગે હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન, ઝારખંડ, મધ્યપ્રદેશ અને ઉત્તર પૂર્વ ભારતના ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. જમ્મુ-કાશ્મીર, આંધ્રપ્રદેશ, કેરળ, માહે, કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, લક્ષદ્વીપ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ પર દિવસભર વીજળીના ચમકારા અને ભારે પવન સાથે વાવાઝોડાની પણ આગાહી કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV.THAILAND- DEATH TOLL

થાઇલેન્ડના નોન્થાબુરી પ્રાંતમાં શુક્રવારે એક શાળામાં થયેલા ગોળીબારમાં મૃત્યુઆંક વધીને નવ થયો છે. આરોગ્ય મંત્રાલયને ટાંકીને પ્રાંતના જનસંપર્ક વિભાગે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે ગોળીબારમાં ઘાયલ થયેલા 14 લોકો હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. 12 વર્ષની એક છોકરીનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હોવાનું કહેવાય છે.

મીડિયા અહેવાલો અનુસાર થાઇ પોલીસે આજે શાળાના ઘણા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પૂછપરછ માટે બોલાવ્યા છે. પોલીસ 14 વર્ષના શંકાસ્પદ વ્યક્તિના ગોળીબારના હેતુ અને તેને મળેલી ગોળીઓના સ્ત્રોતની તપાસ કરી રહી છે. થાઇલેન્ડના પ્રધાનમંત્રી અનુતિન ચાર્નવિરાકુલે જણાવ્યું હતું કે તેઓ જાહેર સ્થળોએ હથિયારો રાખવા પર પ્રતિબંધ મૂકતો કાયદો લાવવાની યોજના ધરાવે છે. પ્રસ્તાવિત નવા કાયદા હેઠળ ફરજ પરના સરકારી અધિકારીઓને જ બંદૂકો રાખવાની મંજૂરી આપવામાં આવશે.

# IRAN-US

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિઆને જણાવ્યું હતું કે તેહરાન તાજેતરમાં અમેરિકા સાથે થયેલા સમજૂતી કરારહેઠળ શાંતિના માર્ગે ચાલતું રહેશે, જો વોશિંગ્ટન વિશ્વાસનું વાતાવરણ બનાવવામાં મદદ કરે. પેઝેશ્કિઆને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે દેશમાં એકતા, શક્તિ અને એકતા હોવાથી કરાર પર પહોંચવાનો આ શ્રેષ્ઠ સમય છે. તેમણે અમેરિકા સાથે વાટાઘાટોમાં પારસ્પરિકતા પર પ્રકાશ પાડતા કહ્યું કે ઈરાન યુએસ પાલનના સ્તર સાથે તેની પ્રતિબદ્ધતાઓનું પાલન કરશે.

અગાઉ, ઈરાનના રાષ્ટ્રપતિએ તેના અધિકારોનું રક્ષણ કરવા માટે વાતચીત કરવા માટે દેશની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપતા ભાર મૂક્યો હતો કે તેહરાનને શરણાગતિ સ્વીકારવા માટે દબાણ કરવામાં આવશે નહીં.

# US-H-IB VISA

અમેરિકન સરકાર એક નિયમને નાબૂદ કરવાનું વિચારી રહી છે જે કેટલાક વિદેશી કામદારોને નોકરી ગુમાવ્યા પછી નવી નોકરી શોધવા માટે વધારાના 60 દિવસ આપે છે. હાલમાં, આ ફક્ત એક પ્રસ્તાવ છે, જેની વ્હાઇટ હાઉસ ઑફિસ ઑફ મેનેજમેન્ટ એન્ડ બજેટ દ્વારા સમીક્ષા બાકી છે.

જો આ ફેરફાર લાગુ કરવામાં આવે છે, તો ઘણા H-1B કામદારો અને તેમના પરિવારના સભ્યોને નોકરી ગુમાવ્યા પછી યુનાઇટેડ સ્ટેટ્સ છોડવાની ફરજ પડી શકે છે. વર્તમાન નિયમ હેઠળ, કેટલાક H-1B કામદારો તેમની નોકરી ગુમાવ્યા પછી 60 દિવસ સુધી યુનાઇટેડ સ્ટેટ્સમાં રહી શકે છે. આ સમય દરમિયાન, તેઓ નવી નોકરી શોધી શકે છે અથવા યુનાઇટેડ સ્ટેટ્સમાં કાયદેસર રીતે રહેવા માટે અન્ય માર્ગો શોધી શકે છે.

આ ફેરફાર ભારતીયોને પણ અસર કરી શકે છે. ભારતીય નાગરિકો H-1B વિઝા ધારકોમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ અનુસાર, 2024 માં મંજૂર કરાયેલી H-1B અરજીઓમાંથી લગભગ 71 ટકા ભારતમાં જન્મેલા લોકો હતા.

# UKRAINE - US DEFENCE DEAL

યુક્રેન પેટ્રિઅટ એર ડિફેન્સ સિસ્ટમ માટે ઇન્ટરસેપ્ટર મિસાઇલોની માસિક ડિલિવરી પર અમેરિકા સાથે કરાર પર પહોંચ્યું છે. બેલગ્રેડમાં પત્રકારો સાથે વાત કરતા, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ પુષ્ટિ આપી કે વોશિંગ્ટન યુક્રેનને માસિક ધોરણે ઇન્ટરસેપ્ટર મિસાઇલો સપ્લાય કરશે.

જોકે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશની હવાઈ સંરક્ષણ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે આ જથ્થો ઓછો છે. ઝેલેન્સકીએ કહ્યું કે 2026 માં યુક્રેનને મળવાની અપેક્ષા રાખવામાં આવતી ઇન્ટરસેપ્ટર મિસાઇલોની સંખ્યા 2025 કરતા ઓછી હશે, ચોક્કસ આંકડા જાહેર કર્યા વિના.યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ બાલ્કન દેશ સાથે સહયોગ વધારવા માટે ગઈકાલે સર્બિયાની પ્રથમ મુલાકાત લીધી હતી

# BRIDGE-WORLD

ભારતના સાગ્નિક રોય અને સાયંતન કુશારીએ ચીનના હેફેઈમાં આયોજિત 9મી વિશ્વ યુવા ટ્રાન્સનેશનલ બ્રિજ ચેમ્પિયનશિપમાં અંડર-31 પેયર્સ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

પ્રથમ એલિમિનેશન રાઉન્ડમાં 34 જોડીએ ભાગ લીધો હતો, જેમાં ટોચની 14 જોડી ફ્લાઇટ એ માટે ક્વોલિફાય થઈ હતી. ભારતીય જોડી ફાઇનલમાં પણ જગ્યા બનાવવામાં સફળ રહી હતી. ત્યારબાદ મેચો રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં યોજાઈ હતી, જેમાં સાગ્નિક અને સાયંતન 377.67 મેચ પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર રહ્યા હતા. એમ. ફેરેન્જા અને એફ. કાટુસિકની ક્રોએશિયન જોડી બીજા સ્થાને રહી, જ્યારે જે. હાન અને ઝેડ. વાંગની ચીની જોડી ત્રીજા સ્થાને રહી.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- ભારત પર 100 ટેરિફ અંગે ના સમાચારને તમામ અખબરોએ મુખ્ય પાને લીધા છે

- ગુજરાત સમાચારની  હેડ લાઇન છે ભારત પર ટ્રમ્પનો 100 ટકા ટેરિફ હાથવેંત

- સંદેશ લખે છે ભારત પર 100 ટકા ટેરિફનો ખતરો
- નવ ગુજરાત સમય લખે છે .. upi ટ્રાનઝકસન માટે યુઝર્સ પર કોઈ ચાર્જ લાગુ પડશે નહીં : સરકારની સ્પષ્ટતા

- આ સાથે અમેરિકામાં નોકરી ગુમાવનારા વિદેશીઓએ તુરંત દેશ છોડવો પડશે, કેનેડાએ 6 મહિનામાં 3,232 ભારતીયોને દેશનિકાલ કર્યા, ફક્ત સવાલ ના પૂછો ઉકેલ પણ શોધો : મોદી..  જેવા વિવિધ સમાચારો પણ પ્રથમ પાને વાંચવા મળી રહયા છે

- સ્થાનિક સમાચારોમાં... સજા પૂર્ણ થયા બાદ પણ 178 માછીમારો પાકિસ્તાનમાં કેદ.. ગુજરાતની જેલમાં ક્ષમતા કરતાં વધુ કેદીઓ.. રાજુલા-પીપાવાવ વચ્ચે માલગાડી પાટા પરથી ઉતરી જેવા વિવિધ સમાચારો વાંચવા મળી રહ્યા છે